# ગાંધીનગર મહાનગરપાલિકા

## પર્યાવરણ શાખા

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની

કલમ-૪(ખ)મુજબની ૧૭ પ્રકારની માહિતી

પ્રો-એકિટવ ડિસ્કલોઝર

તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન

ફાયર સ્ટેશન પાછળ, સેક્ટર૧૭-, ગાંધીનગર-382016

ફોન નંબર૨૩૨ ૦૭૯-૮૪૧૫૦ , ફેક્સ નંબર૨૧૪૧૯ ૨૩૨ ૦૭૯-

Email:gmc8gandhinagar@gmail.com


તા:૦૭/૦૧/૨૦૨૬

ક્રમાંક:ગાં.મ.ન.પા./પ.વ./ ૬૬૩ /૨૦૨૬

પ્રતિ,
વહીવટી અધિકારીશ્રી,
સંકલન શાખા,
ગાંધીનગર મહાનગરપાલિકા.

વિષય:- માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-(૪) (ખ) હેઠળ જાહેર કરવાનું થતું પ્રોએક્ટીવ ડિક્લોઝર (PAD) અદ્યતન કરવા બાબત.

સંદર્ભ:- આપની શાખાનો તા.૦૫/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ગાં.મ.ન.પા./સંકલન/ફ.નં-૧૮/૩૪૨/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ-(૪) (ખ) હેઠળ તમામ જાહેર સત્તામંડળોએ પ્રોએક્ટીવ ડિસ્કલોઝર (PAD) અપડેટ કરવાનું થાય છે તથા તેને પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ કરીને વેબસાઇટ ઉપર તથા નાગરિકોને સરળતાથી મળી રહે તે રીતે ઉપલબ્ધ કરાવવાનું રહે છે. જે અન્વયે પર્યાવરણ શાખાની વિગતો આ સાથે સામેલ છે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

PAShah

પર્યાવરણ મેનેજર
ગાંધીનગર મહાનગરપાલિકા

બિડાણ: ઉપર મુજબ

ઇ.શ્રી 1004 07/01/26

Received 07/01/26

૨.મ.ન.પા. 07/1/26

# પર્યાવરણ શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા

## રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટ-૨૦૦૫ સંદર્ભે તથા હુકમ ૧૦૦૮/૦૫-૦૬ સંદર્ભે કલમ ૪-૧(ખ) અન્વયે ખાતાની હાલ સુધીની માહિતી બાબત.

(૧) સંસ્થાની કામગીરીઓ અને ફરજોની વિગત:

- ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતા કચરાના પ્રોસેસિંગ તેમજ નિકાલની કામગીરી. જેમાં મુખ્યત્વે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર પ્લાન્ટ ખાતે કચરામાંથી ખાતર બનાવવાની તેમજ તેના વેચાણની કામગીરી, મટીરીયલ રીકવરી ફેસેલીટી સેન્ટર, ડમ્પીંગ સાઇટ, બાયોમિથેનેશન પ્લાન્ટ, કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ વગેરે જેવા સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ ફેસેલિટીના સંચાલન, તથા વાહનોના વજન અર્થે સ્થાપિત વે-બ્રિજના સંચાલન તેમજ તેના મોનિટરીંગની કામગીરી વગેરેનો સમાવેશ થાય છે.
- ઉપરોક્ત કામો અન્વયે નિયુક્ત થયેલ એજન્સીઓના નિયમોનુસાર માસિક બિલોના ચુકવણા અંગેની કામગીરી.
- નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સ્વચ્છ ભારત મિશન કચેરી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અન્વયે કરવાની થતી કામગીરી.
- ભારત સરકારના વિવિધ પર્યાવરણીય કાયદાઓની અમલવારી સંદર્ભે કરવાની થતી કામગીરી.
- ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવતી પર્યાવરણ શાખાને લગતી માહિતીના અધિકાર અધિનિયમ (2005) હેઠળની તમામ અરજીઓને નિયત સમયમર્યાદામાં જરૂરી માહિતી સાથે નિકાલ કરવાની કામગીરી.
- પર્યાવરણ શાખામાં આવતા વિવિધ પત્રો, રજૂઆતો, અરજીઓ અને ફરિયાદો અંગે જરૂરી તબદીલી કે નિકાલની કામગીરી.
- ડેટા એન્ટ્રી, નોટીંગ અને ડ્રાફ્ટીંગ તેમજ અન્ય વહીવટી કામગીરી
- ઉપરી અધિકારીશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવતી સુચના મુજબની કામગીરી

(૨) પોતાના અધિકારી અને કર્મચારીઓની સત્તાઓ તથા ફરજો:

ગાંધીનગર મહાનગરપાલિકાના પર્યાવરણ શાખાના અધિકારી/કર્મચારીઓના નામ, હોદ્દો, પગાર તથા કામગીરીની વિગત.

| અ.નં | નામ | હોદ્દો તથા પગારની વિગત | કામની વિગત |
|---|---|---|---|
| ૦૧ | શ્રી પાયલ એ. શાહ<br>મો.નં.-9979032381<br>E-mail: swmng-gmc-gr@gujarat.gov.in | પર્યાવરણ મેનેજર<br>ગ્રેડ પે<br>44900-142400 (4600) | ઉપરના મુદ્દા નં. ૦૧ મુજબ, જાહેર માહિતી અધિકારી તરીકેની કામગીરી તેમજ ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૦૨ | શ્રી પાર્થ દેસાઈ<br>મો. નં.9408361155 | જુનિયર ક્લાર્ક<br>26000/- ફિક્સ (1900) | નોટીંગ, ડ્રાફ્ટીંગની કામગીરી બિલ ચુકવણા, રજીસ્ટર નિભાવણીની કામગીરી તેમજ ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત વે-બ્રિજની કામગીરી અને શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |

| | | | |
|---|---|---|---|
| ૦૩ | શ્રી હિમાંશુ પ્રજાપતિ<br>મો.<br>નં.7359680926 | જુનિયર ક્લાર્ક<br>26000/- ફિક્સ (1900) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ડમ્પીંગ સાઇટ તેમજ વે-બ્રિજ અંગેની કામગીરી અને તેની આવક મુખ્ય કચેરી ખાતે જમા કરાવવાની કામગીરી, તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૦૪ | શ્રી પ્રવીણ ધુંખ<br>મો. નં.6356232546 | જુનિયર ક્લાર્ક<br>26000/- ફિક્સ (1900) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત વે-બ્રિજની કામગીરી અને તેની આવક મુખ્ય કચેરી ખાતે જમા કરાવવાની કામગીરી, તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૦૫ | શ્રી કૃણાલ અમીન<br>મો.<br>નં.7436004200 | જુનિયર ક્લાર્ક<br>26000/- ફિક્સ (1900) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત વે-બ્રિજની કામગીરી અને તેની આવક મુખ્ય કચેરી ખાતે જમા કરાવવાની કામગીરી, તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૦૬ | શ્રી લાલુભાઇ એલ. મુનિયા<br>મો.નં.7567158781 | વર્મી ઇન્ચાર્જ<br>( સિનિયર ક્લાર્ક)<br>ગ્રેડ પે<br>25500-81100 (2400) | પર્યાવરણ શાખા હસ્તકના વર્મિ કમ્પોસ્ટ પ્લાન્ટનું સંચાલન તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૦૭ | શ્રી ઉર્વશીકુમારી ડી. પુવાર<br>મો.નં.9979594263 | સિનિયર ક્લાર્ક<br>ગ્રેડ પે<br>25500-81100 (2400) | નોટીંગ, ડ્રાફ્ટીંગની કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી. |
| ૦૮ | શ્રી સિદ્ધાર્થ આર. મિસ્ત્રી<br>મો. નં.7990527483 | ટેકનિકલ આસીસ્ટન્ટ<br>21000/- ફિક્સ (આસો.) | વે-બ્રિજની કામગીરી અને તેની આવક મુખ્ય કચેરી ખાતે જમા કરાવવાની કામગીરી, દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૯ | શ્રી મંથન આર. વાઘેલા<br>મો. નં.8320844041 | ટેકનિકલ આસીસ્ટન્ટ<br>21000/- ફિક્સ (આસો.) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ટેન્ડરીંગ, વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર પ્લાન્ટ તેમજ બલ્ક વેસ્ટ જનરેટર, કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ, મટીરીયલ રીકવરી ફેસેલીટી પ્લાન્ટ અંગે ફિલ્ડ અન્વયેની કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | શ્રી પુષ્પેન્દ્રસિંહ એસ. રાઠોડ<br>મો.નં. 7567979433 | ટેકનિકલ આસીસ્ટન્ટ<br>21000/- ફિક્સ (આસો.) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ટેન્ડરીંગ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર પ્લાન્ટ તેમજ બલ્ક વેસ્ટ જનરેટર, અંગે ફિલ્ડ અન્વયેની કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય વહીવટી કામગીરી |
| ૧૧ | શ્રી નેહાંગી એન. દેસાઇ<br>મો.નં. 6354315295 | ટેકનિકલ આસીસ્ટન્ટ<br>21000/- ફિક્સ (આસો.) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ટેન્ડરીંગ, નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સ્વચ્છ ભારત મિશન કચેરી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ અન્વયે કરવાની થતી કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય તમામ વહીવટી કામગીરી |
| ૧૨ | શ્રી કવિતા પી. રાઠોડ<br>મો. નં.9428193760 | ટેકનિકલ આસીસ્ટન્ટ<br>21000/- ફિક્સ (આસો.) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ટેન્ડરીંગ, નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સ્વચ્છ ભારત મિશન કચેરી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત અન્વયે કરવાની થતી કામગીરી, ઓનલાઇન લીંકમાં માહિતી ભરવા અંગેની કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય તમામ વહીવટી કામગીરી |
| 13 | શ્રી રાજપાલસિંહ ડી. બોરાણા<br>મો. નં.9998826109 | ટેકનિકલ સુપરવાઇઝર<br>31340/- ફિક્સ (આસો.) | ઉપરના મુદ્દા નં. ૦૧ અંતર્ગત ડમ્પીંગ સાઇટ અંગેની કામગીરી તેમજ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર પ્લાન્ટ તેમજ બલ્ક વેસ્ટ જનરેટર, કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ અંગે ફિલ્ડ અન્વયેની કામગીરી, મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકેની કામગીરી તેમજ શાખાધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવેલ અન્ય કામગીરી |
| ૧૪ | શ્રી પ્રિયાંકસિંહ રાઠોડ<br>મો. નં.6352338263 | પ્યુન<br>16224/- ફિક્સ (આસો.) | - |

3) **નિરિક્ષણ અને જવાબદારીના સાધનો સહિત નિર્ણય લેવાની પ્રક્રિયા :**

સક્ષમ મંજુરી મેળવતી વખતે મુખ્યત્વે નીચે પ્રમાણે કાર્યપધ્ધતિ હાથ ધરવામાં આવે છે:

- સંબંધિત સ્ટાફ દ્વારા કચેરીના પર્યાવરણ મેનેજરને નોંધ સહિતની ફાઇલ રજૂ કરવામાં આવે છે.

- ત્યારબાદ,રજૂ થયેલ સક્ષમ નિર્ણય અર્થેની ફાઇલ જરૂરી હકીકત સહ ડે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સમક્ષ રજૂ કરવામાં આવે છે.
- જે કિસ્સામાં અંતિમ સત્તાધિકારી મ્યુનિસિપલ કમિશનરશ્રી હોય ત્યાં મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજૂ કરવામાં આવે છે.
- આ ઉપરાંત નિર્ણય કરવાની સત્તા સ્થાયી સમિતિ/સામાન્ય સભા પાસે હોય તો સ્થાયી સમિતિ/સામાન્ય સભા સમક્ષ રજૂ કરવામાં આવે છે.

**૪) પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરાયેલા ધોરણો :**

- વિભાગમાં રોજ-બરોજના કાર્યો માટે જી.પી.એમ.સી. એક્ટની જોગવાઇઓ, નિયમો તથા અત્રેની કચેરી દ્વારા સમય-સમયે જારી કરેલ પરીપત્રો, બાયલોઝ અનુસાર કાર્યો કરવાના રહે છે.
- આ ઉપરાંત સરકારશ્રી દ્વારા સમયે સમયે બહાર પાડવામાં આવતી મૌખિક/લેખિત સૂચનાઓ આદેશોનું અમલીકરણ રોજિંદી ફરજો બજાવવા અર્થે કરવાનું રહે છે.

**૫) પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો સૂચનાઓ નિયમ સંગ્રહો અને રેકોર્ડ :**

- વિભાગની મુખ્યત્વે કામગીરીમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સક્ષમ અધિકારી તથા પદાધિકારી દ્વારા કરવામાં આવેલ પરિપત્રો, ઠરાવો, પર્યાવરણ સુરક્ષા કાયદો-૧૯૮૬, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૧૬, પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ-૨૦૧૬; ઈ-વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ-૨૦૧૬, પબ્લિક હેલ્થ બાયલોઝ વિગેરે ધ્યાને લેવાના રહે છે.

**૬) પોતાના દ્વારા અથવા અંકુશ હેઠળ રખાયેલ વિવિધ કેટેગરીના દસ્તાવેજોનું નિવેદન :**

- ખાતાને લગતી માહિતીઓનો રેકોર્ડ ફાઇલ સ્વરૂપે, રજિસ્ટર સ્વરૂપે નિભાવણી કરવામાં આવે છે.

**૭) તેની નીતિ ઘડવાના અથવા તેના અમલીકરણ સંબંધિત જાહેર જનતાના સભ્યો દ્વારા રજૂઆત કરાયેલી અથવા તેની ચર્ચા માટે રહેલી કોઇપણ પ્રકારની વ્યવસ્થાની વિગતો :**

- ખાતા માટે નીતિ ઘડવાના તથા તેના અમલીકરણ અર્થે સબંધિત જાહેર જનતાના સભ્યો દ્વારા જો કોઇ રજૂઆત કરાયેલી હોય તે તેઓ કચેરી સમય દરમ્યાન પર્યાવરણ શાખામાં ચર્ચા માટે કોઇ પણ દિવસે આવી શકે છે.

**૮) પોતાના ચલણના હેતુ માટે અથવા તેના ભાગ તરીકે રચાયેલી બે કે તેથી વધુ વ્યકિતઓ ધરાવતાં, બોર્ડ્સ કાઉન્સિલ કમિટીઓ અને અન્ય મંડળોનું નિવેદન અને બોર્ડ્સ કાઉન્સિલ કમિટીઓ અને અન્ય મંડળોની બેઠકો જાહેર પ્રજા માટે ખુલ્લી છે કે કેમ ? અથવા આવી બેઠકની વિગતો જાહેર પ્રજા મેળવી શકે કે કેમ ?**

- અત્રેની શાખાને(પર્યાવરણ શાખાને) લાગુ પડતું નથી.

**૯) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની ડિરેક્ટરી :**

- મુદ્દા નં. ૨માં સમાયેલ યાદી મુજબ

**૧૦) તેના નિયમમાં પુરી પડાયેલ પડતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત કરાયેલ માસિક પગાર:**

- માસિક પગાર અંગેની વિગત મુદ્દા નં.૨ના લિસ્ટમાં આવરી લેવામાં આવેલ છે.

**૧૧) તમામ યોજનાઓની વિગતો, સૂચિત ખર્ચાઓ અને કરાયેલ ચૂકવણીના અહેવાલો દર્શાવતા તેની તમામ એજન્સીને ફાળવેલ બજેટ :**

- અત્રેની શાખા(પર્યાવરણ શાખાને) લાગુ પડતું નથી.

૧૨) ફાળવાયેલી રકમ અને આ કાર્યક્રમોથી ફાયદો મેળવનારની વિગતો સહિત સબસિડી સહિત કાર્યક્રમોનો અમલનો પ્રકાર:

લાભાર્થીઓને લગતી માહિતી હોય, અત્રેની કચેરીને લાગુ પડતુ નથી.

૧૩) તેના દ્વારા અપાયેલી છૂટછાટો, પરવાનગીઓ અને સત્તા સોંપણી મેળવનારની વિગતો :

- અત્રેની શાખા(પર્યાવરણ શાખા) દ્વારા કોઇ છૂટછાટો, પરવાનગીઓ કે અધિકૃતકરણ કરવામાં આવતું નથી.

૧૪) ઇલેકટ્રોનિક્સ ફોર્મ્સમાં ઘડાયેલી તેના દ્વારા રાખયેલી અથવા તેને ઉપ્લબ્ધ માહિતીના સંદર્ભની વિગતો :

- અત્રેની શાખા(પર્યાવરણ શાખા)ને લાગુ પડતું નથી.

૧૫) પુસ્તકાલય અથવા વાંચનખંડના કામના કલાકો સહિત માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો, જો જાહેર ઉપયોગ માટે તેની જાળવણી કરાઇ હોય તો :

- અત્રેની શાખા(પર્યાવરણ શાખા)ને લાગુ પડતું નથી.

૧૬) જાહેર માહિતી/અપીલ અધિકારીના હોદ્દો અને અન્ય વિગતો:

| મદદનીશ જાહેર માહિતી અધિકારી | જાહેર માહિતી અધિકારી | અપીલ અધિકારી |
|---|---|---|
| ટેકનિકલ સુપરવાઇઝરશ્રી | પર્યાવરણ મેનેજરશ્રી | નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકા |

૧૭) પર્યાવરણ શાખાનું સને ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર:

<u>પર્યાવરણ શાખા રેવન્યુ ખર્ચ અંદાજપત્ર વર્ષ ૨૦૨૫-૨૬</u>

| ક્રમ | સદર | ફાળવેલ બજેટ |
|---|---|---|
| ૧ | વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ નિભાવણી | ૨૦ લાખ |

<u>પર્યાવરણ શાખા રેવન્યુ આવક અંદાજપત્ર વર્ષ ૨૦૨૫-૨૬</u>

| ક્રમ | સદર | બજેટ |
|---|---|---|
| ૧ | વે બ્રિજ આવક | ૨.૨૫ લાખ |
| ૨ | ઇ-વેસ્ટ | 0.00 લાખ |
| 3 | વર્મી કમ્પોઝ પ્લાન્ટ | ૫૦ લાખ |

<u>પર્યાવરણ શાખા કેપિટલ ખર્ચ અંદાજપત્ર વર્ષ ૨૦૨૫-૨૬</u>

| ક્રમ | સદર | ફાળવેલ બજેટ |
|---|---|---|
| ૧ | મિથેન ગેસ પ્લાન્ટની નિભાવણી અને સીબીજી પ્લાન્ટ તથા તેની નિભાવણી | ૫૯૬ લાખ |
| ૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ તેમજ સાયન્ટીફિક લેન્ડફીલ સાઇટ માટે | ૧૦૪૪ લાખ |
| 3 | વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ તથા કન્સલ્ટન્સી સર્વિસીસ | ૧૯૪૬.૦૭ લાખ |
| ૪ | સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ ખર્ચ (SBM) | 0 |

## પર્યાવરણ શાખા કેપિટલ આવક અંદાજપત્ર વર્ષ ૨૦૨૫-૨૬

| ક્રમ | સદર | બજેટ |
|---|---|---|
| ૧ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SBM) ગ્રાન્ટ | ૧૩૦ લાખ |
| ૨ | સેનેટરી લેન્ડફીલ સાઈટ (SBM 2.0) ગ્રાન્ટ | ૯૫.૮૦ લાખ |
| ૩ | વેટ વેસ્ટ ફેસિલીટી (SBM 2.0) ગ્રાન્ટ | ૨૧૮.૩૦ લાખ |
| ૪ | ડ્રાય વેસ્ટ ફેસિલીટી (SBM 2.0) ગ્રાન્ટ | ૬૮૩.૮૦ લાખ |

૧૮) પર્યાવરણ શાખાનું વહીવટી માળખું:

મ્યુનિસિપલ કમિશનર

↓

નાયબ મ્યુનિસિપલ કમિશનર

↓

મદદનીશ નિયામક

↓

પર્યાવરણ મેનેજર

↓

ટેક્નિકલ સુપરવાઇઝર

↓

ટેક્નિકલ આસિસ્ટન્ટ

↓

સિનિયર ક્લાર્ક

↓

ક્લાર્ક

PAShah

પર્યાવરણ મેનેજર

ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર